# ઇરાન પર મોટા હુમલાની તૈયારી કરતા નેતાન્યાહુને ટ્રમ્પની સખત ચેતવણી

**અમેરિકી** પ્રમુખે ઇઝરાયેલના વડાપ્રધાનને ચેતવણી આપી કે હવે તમે એકલા પડી જશો

**આના** પછી ઇઝરાયેલે ઇરાન પરના હુમલા અટકાવ્યા

વૉશિંગ્ટન, તા. ૯: ઈરાન પર મોટો હુમલો કરવાની તૈયારી કરી રહેલ ઈઝરાયેલના વડાપ્રધાન બેન્જામિન નેતાન્યાહુને અમેરિકી પ્રમુખે ફોન પર સખત ચેતવણી આપી હતી એમ તેમના ફોન કૉલની લીક થયેલી માહિતી પરથી જાણવા મળ્યું છે.

એક્સિઓસના જણાવ્યા અનુસાર, અમેરિકી પ્રમુખ સોમવારે ઈઝરાયેલના વડા પ્રધાનને કહ્યું, 'બીબી(નેતાન્યાહુનું ટૂંકુ નામ), તમે ખૂબ સાવચેતી રાખો, નહીં તો તમે ટૂંક સમયમાં જ એકલા પડી જશો.' ઈઝરાયેલના અધિકારીઓએ આ ન્યૂઝ આઉટલેટને જણાવ્યું કે, નેતન્યાહૂએ એપ્રિલ પછી ઈરાન પર સૌથી તીવ્ર બોમ્બમારો કરવાની યોજના બનાવી હતી, પરંતુ ટ્રમ્પના ફોન કોલ બાદ આ લશ્કરી કાર્યવાહી મોકૂફ રાખી હતી. ઈઝરાયેલે લેબેનોનમાં કરેલા તોપમારાના જવાબમાં, વીકએન્ડ દરમિયાન ઈરાને ઈઝરાયેલ પર મિસાઈલોનો મારો ચલાવ્યો હતો, જેના પગલે આ હુમલાઓનું આયોજન કરવામાં આવ્યું હતું.ટ્રમ્પે સોમવારે વહેલી સવારે ટ્રુથ સોશિયલ પર બંને પક્ષોને જાહેર રૂપે સખત અલ્ટીમેટમ આપતા ચેતવણી આપી હતી કે તેઓ 'તરત જ ગોળીબાર બંધ કરે.' ત્યારબાદ ઈઝરાયેલ અને ઈરાને તરત જ પ્રતિક્રિયા આપી હતી કે તેઓ આ નાજુક શાંતિ પુનઃસ્થાપિત કરી રહ્યા છે, પરંતુ સાથે એવી શરત પણ મૂકી હતી કે જો તેઓને ઉશ્કેરવામાં આવશે તો તેઓ ફરીથી હુમલા કરવા તૈયાર છે. નેતન્યાહૂને ટ્રમ્પની આ ચેતવણી એવા સમયે આવી છે જ્યારે ઈરાન સાથે ચાલી રહેલી શાંતિ વાટાઘાટો વચ્ચે ઈઝરાયેલ-અમેરિકાના સંબંધો વણસ્યા છે. અત્રે ઉલ્લેખનીય છે કે હાલ થોડા દિવસ પહેલા પણ ટ્રમ્પે નેતાન્યાહુને ફોન પર ખખડાવ્યા હતા અને ત્યારે તો ગાળ પણ આપી હોવાનું કહેવાય છે.

પેજ3

## મિત્રના અવસાનથી ધ્રુસકે-ધ્રુસકે રડતો રહ્યો સલમાન ખાન



મુંબઈ, તા. 9 : બોલિવૂડ અભિનેતા સલમાન ખાનની સોશિયલ મીડિયા પર કેટલીક ખૂબ જ હેરાન કરનારી તસવીરો અને વીડિયો સામે આવ્યા છે. પહેલીવાર સલમાન ખાન આટલો કમજોર અને રડતો જોવા મળ્યો છે. સલમાન ખાન આખા પરિવાર સાથે મુંબઈમાં સ્મશાન ઘાટ પહોંચ્યો હતો. હકીકતમાં, સલમાન ખાનના એક નજીકના પારિવારિક મિત્રનું અવસાન થઈ ગયું હતું. એવામાં તેમના અંતિમ સંસ્કારમાં સલમાન ખાન, અરબાઝ ખાન, સોહેલ ખાન, સલમા ખાન અને હેલન બધા જ જોવા મળ્યા હતા. જોકે, જેટલો તૂટી ગયેલો સલમાન ખાન જોવા મળી રહ્યો હતો તેનાથી તેમના ફેન્સ ખૂબ જ પરેશાન થઈ રહ્યા છે. સલમાન ખાનની આંખોમાંથી આંસુ રોકાવાનું નામ જ નહોતાં લઈ રહ્યાં.

# હિમાલયની છાતી ચીરીને ઈતિહાસ રચાયો

**રૂ.૬,૮૦૦** કરોડની ઝોજીલા ટનલનું અંતિમ બ્લાસ્ટિંગ સફળ

**ટનલના** બંને છેડાઓ ખુલ્લા થઇ ગયા, ૮૦ ટકા કામ પૂર્ણ




દ્રાસ/ મિનીમાર્ગ, ૯ જૂન (પીટીઆઈ): કાશ્મીર ખીણને લદ્દાખ સાથે જોડતી એશિયાની સૌથી લાંબી ટનલ, ૬,૮૦૦ કરોડની ઝોજીલા ટનલમાં મંગળવારે એક મહત્વપૂર્ણ સફળતા મળી છે. હિમાલયને ચીરીને બનાવવામાં આવી રહેલા ૧૩ કિલોમીટર લાંબા આ હાઈ-એલ્ટિટ્યુડ ઈન્ફ્રાસ્ટ્રક્ચર પ્રોજેક્ટમાં છેલ્લા ૨.૫ મીટરના ભાગને બ્લાસ્ટ કરીને સફળતાપૂર્વક તોડી પાડવામાં આવ્યો છે.

કેન્દ્રીય માર્ગ પરિવહન અને ધોરીમાર્ગ મંત્રી નીતિન ગડકરીએ દરિયાઈ સપાટીથી ૧૧,૫૭૮ ફૂટની ઊંચાઈએ, સોનામાર્ગથી લગભગ ૨૪ કિમી અને શ્રીનગરથી ૧૦૩ કિમી દૂર બની રહેલી મુખ્ય ટનલનું આ બ્રેકથ્રુ બ્લાસ્ટિંગ કર્યું હતું.

મીડિયાને સંબોધતા મંત્રીએ જણાવ્યું હતું કે આ પ્રોજેક્ટ લેહ, લદ્દાખ અને જમ્મુ-કાશ્મીરના લોકો માટે એક જીવનરેખા છે. આ ટનલ ૩,૦૦૦ મીટરની ઊંચાઈ પર આવેલી છે અને શ્રમિકોએ માઈનસ ચાર ડિગ્રી જેટલા નીચા તાપમાનમાં કામ કરીને પોતાનું યોગદાન આપ્યું છે. તેમણે જણાવ્યું કે આ પ્રોજેક્ટમાં કામ કરતા ૮૦ ટકા શ્રમિકો સ્થાનિક વિસ્તારના જ છે. આ સાથે તેમણે ઉમેર્યું કે આ પ્રોજેક્ટથી લદ્દાખ ક્ષેત્રના લોકોને શ્રીનગર સાથે તમામ ઋતુઓમાં કનેક્ટિવિટી મળશે.

મુખ્ય ટનલનું આ બ્રેકથ્રુ બ્લાસ્ટિંગ બંને બાજુથી ૬.૫ કિમીના સમાન અંતરે કરવામાં આવ્યું હતું, જેનાથી પૂર્વ છેડો અને પશ્ચિમ છેડો એકબીજા સાથે જોડાઈ ગયા છે. આ પ્રસંગે જમ્મુ-કાશ્મીરના લેફ્ટનન્ટ ગવર્નર મનોજ સિન્હા અને મુખ્યમંત્રી ઓમર અબ્દુલ્લા પણ ઉપસ્થિત રહ્યા હતા. નેશનલ હાઈવેઝ એન્ડ ઈન્ફ્રાસ્ટ્રક્ચર ડેવલપમેન્ટ કોર્પોરેશન લિમિટેડ(NHIDCL)ના અધિકારીઓએ જણાવ્યું હતું કે આ બ્રેકથ્રુ નિર્ધારિત સમય કરતાં છ મહિના વહેલો મેળવી લેવાયો છે.

### અલ્હાબાદ હાઈકોર્ટના અસાધારણ વિલંબ પર સુપ્રીમ કોર્ટ ચિંતિત

# ૪૦ વર્ષે પણ અપીલનો નિકાલ નહીં?

**અલ્હાબાદ** હાઇકોર્ટમાં હત્યા કેસના એક આરોપીની અપીલ પર આદેશ ચાર દાયકા પછી આવ્યો, અપીલ રદ થઇ

**આ ચાર** દાયકા દરમ્યાન આરોપી જામીન પર બહાર જ રહ્યો

**સુપ્રીમ** કોર્ટે આવા અસાધારણ વિલંબનો મુદ્દો ઉપાડીને તે નિવારવાના ઉપાયો સૂચવવા ન્યાયવિદોને કહ્યું

નવી દિલ્હી, તા. 9(પીટીઆઈ): સર્વોચ્ચ અદાલતે એક હત્યાના આરોપી દ્વારા પોતાની સજાને પડકારતી 40 વર્ષ જૂની ફોજદારી અપીલનો નિકાલ કરવામાં અલ્હાબાદ હાઈકોર્ટ દ્વારા કરવામાં આવેલા અસાધારણ વિલંબ અંગે ચિંતા વ્યક્ત કરી છે.

જસ્ટિસ પ્રશાંત કુમાર મિશ્રા અને જસ્ટિસ એ. એસ. ચાંદુરકરની બનેલી વેકેશન બેન્ચે સોમવારે આ પરિસ્થિતિને ચિંતાજનક ગણાવી હતી અને સવાલ ઉઠાવ્યો હતો કે અલ્હાબાદ હાઈકોર્ટમાં ન્યાય વિતરણ પ્રણાલીને અવરોધતી પડતર કેસોની વધતી સંખ્યાને ઉકેલવા માટે કયા નવતર પગલાં અપનાવી શકાય. આ કેસ એક વિજય સિંહ નામના શખ્સ સાથે સંબંધિત છે, જેની નવેમ્બર 1983માં તેના ભાઈની ગોળી મારીને હત્યા કરવાના આરોપમાં ધરપકડ કરવામાં આવી ત્યારે તેની ઉંમર 28 વર્ષ હતી. કાનપુરની એક સેશન્સ કોર્ટે તેને હત્યાનો દોષિત ઠેરવ્યો હતો અને ડિસેમ્બર 1985માં તેને આજીવન કેદની સજા ફટકારી હતી. સિંહે આ ચુકાદાને અલ્હાબાદ હાઈકોર્ટમાં પડકાર્યો હતો. જો કે, ચાલુ વર્ષે 9 ફેબ્રુઆરીએ હાઈકોર્ટ દ્વારા 20 પાનાના ચુકાદા દ્વારા તેને ફગાવી દેવામાં આવી તે પહેલાં તેની અપીલ લગભગ 41 વર્ષ સુધી પડતર રહી હતી. સુનાવણી દરમિયાન, સર્વોચ્ચ અદાલતે નોંધ્યું હતું કે સિંહે કસ્ટડીમાં માત્ર ત્રણ મહિના જેટલો સમય વિતાવ્યો હતો અને તેની અપીલના પરિણામની રાહ જોતી વખતે તે લગભગ 43 વર્ષ સુધી જામીન પર બહાર રહ્યો હતો. અદાલતે તેની સમક્ષની કાર્યવાહી પડતર હોય તે દરમિયાન તેના જામીન ચાલુ રાખવાનો નિર્ણય કર્યો છે.

### ફિક્સ રેટ પસંદ કરવા એરલાઇન્સ કંપનીઓ પાસે તક

# એટીએફના ભાવોમાં આશરે ૧૦ ટકાનો વધારો કરાયો

નવી દિલ્હી, તા. ૯ (પીટીઆઈ) સરકારી માલિકીની ઈંધણ રિટેલર કંપનીઓએ પ્રાઈસ સ્ટેબિલાઈઝેશન રિજીમ (કિંમત સ્થિરતા વ્યવસ્થા) અમલમાં મૂકતાં મંગળવારે એવિએશન ટર્બાઈન ફ્યુઅલ (એટીએફ - વિમાન ઈંધણ)ના ભાવોમાં આશરે ૧૦ ટકાનો વધારો કરવામાં આવ્યો હતો, જે અંતર્ગત સ્થાનિક એરલાઈન્સને ત્રણ વર્ષ સુધી ફિક્સ ફ્યુઅલ રેટની ઓફર કરવામાં આવી છે. આ પગલાનો ઉદ્દેશ્ય એરલાઈન કંપનીઓ અને મુસાફરોને વૈશ્વિક તેલના ભાવોમાં આવતા તીવ્ર ઉતાર-ચઢાવથી બચાવવાનો છે.

ઉદ્યોગનાં સૂત્રોએ જણાવ્યું હતું કે, સ્થાનિક એરલાઈન્સ માટે જેટ ફ્યુઅલની કિંમત હવે પ્રતિ લીટર રૂ. ૧૦૪.૯૨૭થી વધીને રૂ. ૧૧૫ થશે.

સરકાર સમર્થિત પ્રાઈસ સ્ટેબિલાઈઝેશન સ્કીમમાં જોડાવાનું પસંદ કરનારી એરલાઈન્સ માટે નવા દર ત્રણ વર્ષ સુધી સ્થિર રહેશે.

જે એરલાઈન્સ આ યોજનાનો વિકલ્પ નહીં પસંદ કરે તેઓ આંતરરાષ્ટ્રીય એરલાઈન્સની જેમ જ બજાર આધારિત કિંમતો ચૂકવશે, જે હાલમાં પ્રતિ લીટર આશરે રૂ. ૧૪૨ છે.

પ્રાઈસ સ્ટેબિલાઈઝેશન સ્કીમ પસંદ કરનાર એરલાઈન્સને વૈશ્વિક બેન્ચમાર્કના ઉતાર-ચઢાવથી સુરક્ષિત રાખીને પ્રતિ લીટર રૂ. ૧૧૫ના દરે એટીએફ મળવાનું ચાલુ રહેશે. જ્યારે આ યોજનામાં સામેલ ન થનારી એરલાઈન્સને કિંમતોમાં ઘટાડો થવાનો લાભ મળશે, પરંતુ આંતરરાષ્ટ્રીય દરો વધવા પર તેમણે વધુ ખર્ચનો સામનો પણ કરવો પડશે.

સૂત્રોએ જણાવ્યું હતું કે, આ યોજના સંપૂર્ણપણે સ્વૈચ્છિક છે અને એરલાઈન્સે પોતે જ નક્કી કરવાનું રહેશે કે તેઓ તેમાં ભાગ લેવા માંગે છે કે નહીં.

# મહિલાઓની ધરપકડનો વિરોધ કરતા લોકો પર તાલીબાનનું દમન

**હેરાત** શહેરમાં વિરોધ પ્રદર્શન કરી રહેલા લોકો પર લાઠીચાર્જ અને ગોળીબારઃ એકનું મોત, કેટલાકને ઇજા



હેરાત(અફઘાનિસ્તાન), તા. ૯: સદાચાર પોલીસ વિભાગ સામે વિરોધ પ્રદર્શન કરી રહેલા લોકો પર તાલીબાનો સખત રીતે ત્રાટકતા એક વ્યક્તિનું મોત થયું છે અને અન્ય કેટલાક ઘવાયા છે.

દેશના ડ્રેસ કોડનું ઉલ્લંઘન કરવા બદલ કેટલીક મહિલાઓ અને યુવતીઓની ધરપકડ થઈ હતી. તેના વિરોધમાં મંગળવારે ડઝનબંધ લોકો રસ્તા પર ઉતરી આવ્યા બાદ સત્તાવાળાઓએ પ્રદર્શનકારીઓ પર ગોળીબાર કર્યો હતો. 'આમુ ટીવી' દ્વારા મેળવવામાં આવેલા ફૂટેજમાં હેરાત શહેરની ઉત્તર-પશ્ચિમે આવેલા જીબ્રાઈલ ટાઉનશિપમાં સતત થઈ રહેલા ગોળીબારના અવાજ વચ્ચે રહેવાસીઓ જીવ બચાવવા માટે રસ્તા પર ભાગતા જોઈ શકાય છે. અધિકારીઓ લાંબી લાકડીઓ વડે પ્રદર્શનકારીઓને જમીન પર પાડીને નિર્દયતાથી ફટકારી રહ્યા હતા ત્યારે તેઓની ચીસાચીસ સાંભળી શકાતી હતી. વિરોધ કરી રહેલા લોકોમાં બુરખો પહેરેલી મહિલાઓ પણ સામેલ હતી. તાલીબાન પોલીસે લાઠીચાર્જ અને ગોળીબાર કર્યો હતો. હેરાત પોલીસના પ્રવક્તા સૈયદ મસૂદે સરકારી ન્યૂઝ એજન્સી 'બાખ્તાર'ને જણાવ્યું હતું કે, આ ટોળાએ 'તણાવ પેદા કર્યો' હતો અને ઈસ્લામિક હિજાબનો વિરોધ કરવાના બહાને જાહેર વ્યવસ્થાને ખોરવી નાખી હતી.

# ટ્રેનો ૨૫ કલાક મોડી પડતાં ચૂંટણી ફરજ પરના જવાનો ભૂખ્યા રહ્યા

**સાંજે ૫** વાગ્યે મળ્યો સવારનો નાસ્તો!

નવી દિલ્હી, તા. ૯ (PTI) પાંચ રાજ્યોમાં વિધાનસભા ચૂંટણીની ફરજ માટે તૈનાત કરાયેલા સૈનિકોને સમયસર ભોજન મળ્યું ન હતું, જેમાં ખાસ કરીને તેમના પરિવહન માટે દોડાવવામાં આવેલી સ્પેશિયલ ટ્રેનો ૧૦થી ૨૫ કલાક જેટલી મોડી પડતાં તેઓને સવારનો નાસ્તો સાંજે ૫ વાગ્યે મળ્યો હતો. એમ સીઆરપીએફ દ્વારા રેલવે બોર્ડને જણાવવામાં આવ્યું છે.

ચૂંટણી પ્રક્રિયાના અંતિમ તબક્કા દરમિયાન સેન્ટ્રલ રિઝર્વ પોલીસ ફોર્સ (સીઆરપીએફ)ના ઈન્સ્પેક્ટર જનરલ (ઓપરેશન્સ) દ્વારા લખવામાં આવેલા એક વિગતવાર પત્રમાં આસામ, કેરળ, પુડુચેરી, તમિલનાડુ અને પશ્ચિમ બંગાળમાં વિધાનસભા ચૂંટણી માટે તૈનાત કરાયેલા જવાનોને નડેલી કેટલીક ઓપરેશનલ મુશ્કેલીઓ પર પ્રકાશ પાડવામાં આવ્યો હતો.

૨૯ એપ્રિલે પશ્ચિમ બંગાળમાં બીજા અને અંતિમ તબક્કાના મતદાનની પૂર્ણાહુતિ પહેલાં મોકલવામાં આવેલા આ પત્રમાં દળોની પરત અવરજવર માટે બહેતર વ્યવસ્થા કરવાની પણ માંગ કરવામાં આવી હતી. પત્ર અનુસાર, સૈનિકોને લાવવા-લઈ જવા માટે ચલાવવામાં આવેલી ૨૩૦ ઈલેક્શન સ્પેશિયલ ટ્રેનોમાંથી આશરે ૨૦૦ ટ્રેનોમાં નોંધપાત્ર વિલંબ જોવા મળ્યો હતો. પત્રમાં વધુમાં ઉમેર્યું હતું કે, ઘણી વખત જવાનોને સવારનો નાસ્તો સાંજે ૫ વાગ્યે મળ્યો હતો.

# ક્યુબાના દરિયાકાંઠે ૬.૧ની તીવ્રતાનો ભૂકંપ

હવાના, તા. ૯ (AP): સોમવારે પશ્ચિમ ક્યુબા નજીક ૬.૧ની તીવ્રતાનો ભૂકંપ આવ્યો હતો, જેના કારણે હવાનામાં ઈમારતો ધ્રૂજી ઊઠી હતી અને તેના આંચકા છેક ફ્લોરિડા સુધી અનુભવાયા હતા. કોઈ જાનહાનિ કે નુકસાનના તાત્કાલિક અહેવાલ નથી.

યુએસ જીઓલોજિકલ સર્વે (યુએસજીએસ)ના જણાવ્યા અનુસાર, ભૂકંપ હવાનાની પશ્ચિમે આવેલા દરિયાઈ વિસ્તારમાં ૧૦ કિમીની ઊંડાઈએ આવ્યો હતો. પશ્ચિમ ક્યુબાની પિનાર ડેલ રિયો હોટેલના મેનેજર ફ્લાવિયા પુપોએ વિગત આપતાં જણાવ્યું હતું કે, કેવી રીતે બિલ્ડિંગ ધ્રૂજી ઊઠી હતી, જેના કારણે લોકોમાં ગભરાટ ફેલાયો હતો. પુપોએ ટેલિફોન પર કહ્યું, "અહીં બધા મજામાં છે. રસ્તા પરના લોકો થોડા ડરી ગયા છે." તાજેતરના આ ભૂકંપના આંચકા છેક ફ્લોરિડા સુધી અનુભવાયા હતા. માયામીમાં નેશનલ વેધર સર્વિસે એક ટ્વીટમાં જણાવ્યું હતું કે, તેમને રાજ્યના દક્ષિણ-પશ્ચિમ ભાગમાં આંચકા અનુભવાયા હોવાના ઘણા અહેવાલો મળ્યા છે. સોમવારે બપોરે સોશિયલ મીડિયા પર આવેલી ઘણી પોસ્ટ્સ પરથી સંકેત મળ્યો છે કે, લોકોએ ઓર્લાન્ડોની ઉત્તરે પણ આંચકા અનુભવ્યા હતા. ડાઉનટાઉન ફોર્ટ લોડરડેલમાં એક લો ઓફિસમાં કામ કરતા મારિયા મોનકાયોએ જણાવ્યું હતું કે, તેઓ તેમની ડેસ્ક પર શાંતિથી કામ કરી રહ્યા હતા ત્યારે તેમને ધ્રુજારીનો અહેસાસ થવા લાગ્યો. તેમણે આની સરખામણી બિલ્ડિંગના બીજા ભાગમાં કોઈ કન્સ્ટ્રક્શનનું કામ કરી રહ્યું હોય તેની સાથે કરી અને તે લગભગ એક મિનિટ કે તેથી વધુ સમય સુધી ચાલ્યું.

### H-1B વિઝા અરજી માટે એક લાખ ડોલરની ફી ગેરકાયદે ઠરાવતી અમેરિકી કોર્ટ

# H-1B વિઝા ફી પર કોર્ટના આદેશથી ભડક્યા ટ્રમ્પ

**મેસેચ્યુસેટ્સ** ફેડરલ કોર્ટે કહ્યું કે આ ફીને સંસદની મંજૂરી ન હોવાથી તે ગેરકાયદે

**ભારતીય** સમુદાયે ચુકાદાને આવકાર્યો, ટ્રમ્પે કહ્યું દેશને નુકસાન કરનાર ચુકાદો

વોશિંગ્ટન, તા. 9(PTI): અમેરિકામાં ભારતીય પ્રવાસી સંગઠનોએ H-1B વિઝા અરજીઓ પર લાદવામાં આવેલી 100,000 ડોલરની ફી રદ કરવાના ફેડરલ કોર્ટના આદેશને આવકાર્યો છે, અને તેને રોજગાર આધારિત ઈમિગ્રેશન સિસ્ટમ માટે એક ન્યાયી પગલું ગણાવ્યું છે. મેસેચ્યુસેટ્સ ફેડરલ કોર્ટે આ મહત્વનો નિર્ણય આપ્યો હતો. સોમવારે, એક ફેડરલ જજે ચુકાદો આપ્યો હતો કે અમેરિકી પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ દ્વારા H-1B અરજીઓ માટે લાદવામાં આવેલી 100,000 અમેરિકી ડોલરની ફી ગેરકાયદેસર હતી કારણ કે તેને સંસદની મંજૂરી નહોતી. H-1B વિઝા એ એક નોન-ઈમિગ્રન્ટ વિઝા છે જે અમેરિકી કંપનીઓને સૈદ્ધાંતિક અથવા તકનીકી કુશળતાની જરૂર હોય તેવા વિશિષ્ટ વ્યવસાયોમાં વિદેશી કામદારોને રોજગારી આપવાની મંજૂરી આપે છે. ટેક્નોલોજી કંપનીઓ દર વર્ષે ભારત અને ચીન જેવા દેશોમાંથી હજારો કર્મચારીઓની ભરતી કરવા માટે આ વિઝા પર નિર્ભર રહે છે. અમે મેસેચ્યુસેટ્સ ફેડરલ કોર્ટના 100,000 યુએસ ડોલરની H-1B વિઝા ફી રદ કરવાના નિર્ણયને આવકારીએ છીએ, જે રોજગાર આધારિત ઈમિગ્રેશન સિસ્ટમમાં પ્રવાહિતા અને ન્યાયીપણું પુનઃસ્થાપિત કરે છે એમ ફાઉન્ડેશન ફોર ઈન્ડિયા એન્ડ ઈન્ડિયન ડાયસ્પોરા સ્ટડીઝ (FIIDS)ના પોલિસી અને સ્ટ્રેટેજી ચીફ ખાંડેરાવ કંદે PTIને જણાવ્યું હતું.

# યુપી: પિતાએ સગીર પુત્રોની મદદથી બે પુત્રીઓને હત્યા કરી

**બેઉ** ગયા વર્ષે ગામના જ બે યુવકો સાથે ઘરેથી ભાગી ગઈ હતી

કુશીનગર (યુપી), તા. ૮ (પીટીઆઈ) ઓનર કિલિંગ (આબરૂની ખાતર હત્યા)ના એક શંકાસ્પદ કિસ્સામાં પિપરાઘાટ ગામમાં એક વ્યક્તિએ પોતાની બે પુત્રીઓના સ્થાનિક યુવકો સાથેના પ્રેમસંબંધોથી ક્રોધિત થઈને કથિત રીતે તેમને લાકડીઓથી ફટકારીને મોતને ઘાટ ઉતારી દીધી છે. એમ પોલીસે મંગળવારે જણાવ્યું હતું.

આરોપીની ઓળખ પિપરાઘાટના દેવનરાયણ ટોલાના રહેવાસી રામપ્રસાદ મલ્લાહ તરીકે થઈ છે. તેના બે સગીર પુત્રો, જેમની ઉંમર ૧૨ અને ૧૪ વર્ષની છે, તેમણે પણ સોમવારે સાંજે આ ગુનો આચરવામાં તેને મદદ કરી હતી.

ગામના ચોકીદાર દ્વારા નોંધાવવામાં આવેલી ફરિયાદના આધારે પોલીસે ત્રણેય સામે ગુનો નોંધી બંને સગીર પુત્રોની અટકાયત કરી છે, જ્યારે મલ્લાહ અને પરિવારના અન્ય સભ્યો તેમજ પાડોશીઓ ફરાર છે.

પોલીસના જણાવ્યા અનુસાર, મલ્લાહની પુત્રીઓ 20 વર્ષીય લાલી અને 18 વર્ષીય શીલા ગામના જ બે યુવકો સાથે પ્રેમસંબંધમાં હતી. આ બહેનો અગાઉ ગયા વર્ષે આ યુવકો સાથે ઘરેથી ભાગી ગઈ હતી.

# ફિલિપાઈન્સમાં ભૂકંપને લીધે ૩૨,૦૦૦થી વધુ વિસ્થાપિત

જનરલ સેન્ટોસ (ફિલિપાઈન્સ), તા. 9 (એપી): દેશમાં છેલ્લાં 50 વર્ષોમાં આવેલા સૌથી શક્તિશાળી ભૂકંપોમાંના એકના કારણે ઓછામાં ઓછા 37 લોકોનાં મોત થયાં છે અને 32,000થી વધુ લોકો વિસ્થાપિત થયાના એક દિવસ પછી, બચાવકર્તાઓએ મંગળવારે દક્ષિણ ફિલિપાઈન્સમાં ક્ષતિગ્રસ્ત ઈમારતોમાં શોધખોળ હાથ ધરી હતી જેથી કરીને ખાતરી કરી શકાય કે હજી પણ કોઈ અંદર ફસાયેલું નથી.

સોમવારે સવારે જ્યાં 7.8ની તીવ્રતાનો ભૂકંપ આવ્યો હતો તે દક્ષિણના પ્રાંતોના સત્તાવાર રેકોર્ડ મુજબ માત્ર ચાર લોકો જ ગુમ હોવાનું માનવામાં આવે છે, પરંતુ ઓફિસ ઓફ સિવિલ ડિફેન્સે સ્વીકાર્યું છે કે, ધરાશાયી થયેલી અને ભારે નુકસાન પામેલી કેટલીક ઈમારતોનું બારીકાઈથી નિરીક્ષણ કરવું જ પડશે, જેથી સંભવિત બચી ગયેલા લોકો અથવા જાનહાનિ જાણી શકાય.

ફિલિપાઈન્સના બીજા ક્રમના સૌથી વધુ વસ્તી ધરાવતા ટાપુ મિંડાનઓના દરિયાકાંઠાથી દૂર કેન્દ્રબિંદુ ધરાવતા આ ભૂકંપમાં લગભગ 500 લોકો ઘાયલ થયા હતા અને 32,000થી વધુ લોકો વિસ્થાપિત થયા હતા, જેમાંથી મોટા ભાગના લોકો કટોકટીના આશ્રયસ્થાનોમાં ભાગી ગયા હતા.

ઘર છોડીને ભાગેલા ઘણા લોકોને સુનામીનો ડર હતો. ફિલિપાઈન્સમાં ભરતીના સ્તરથી 1.4 મીટર (4.6 ફૂટ) સુધી ઊંચાં મોજાં માપવામાં આવ્યાં હતાં, પરંતુ સુનામીથી નુકસાન માત્ર એક દરિયાકાંઠાના ગામમાં લાકડાના થાંભલા પર બનેલાં છ ઝૂંપડાંઓને જ થયું હોવાના અહેવાલ છે.


